૫૮૨૦
૨૭-૬-૧૮

નં.અવિત/વશી/ ૪૫૬૧/૨૦૧૮ તા.૨૩/૮/૨૦૧૮

નાયબ કલેકટર વડોદરા શહેરની કચેરી
નર્મદા ભવન, સી બ્લોક, ૬ઠ્ઠે માળ, જેલ રોડ, વડોદરા.

ફોન નંબર–૨૪૩૪૪૦૨

// વાંચ્યા //

૧. અરજદારશ્રી સત્યપ્રકાશ મનહરલાલ પંચાલ વિગેરે, તા.23-Aug-18 ની અરજી તેમજ અરજી સાથે રજુ થયેલ પુરાવા.

૨. ગુજરાત અશાંત વિસ્તારમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંથી જગામાંથી ભાડુઆતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈઓ બાબતના અધિનિયમ,૧૯૯૧.

૩. કલેકટરશ્રી વડોદરાના પત્ર ક્રમાંક/આરટીએસ/વશી/૧૪૬૫/૨૦૧૧ તા.૩૦/૦૬/૧૧

૪. ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના નોટીફીકેશન નં.જીએચએમ/૨૦૧૪/૨૧/ એમ એસટીપી/૧૧૨૦૧૪/૧૪૪૮/એચ–૧ તા.૩૦/૯/૧૪. તથા ગુજરાત સરકારશ્રીના તા.૨૩/૧૦/૨૦૧૭નું ગેઝેટ

BRA - 1
No 5 820 - 76/22
2018

// હુકમ //

આમુખ–(૧)માં જણાવેલ અરજીથી અરજદારશ્રી સત્યપ્રકાશ મનહરલાલ પંચાલ વિગેરે રહે. ગીતામંદિર, રૂમ નં.૧૫, પ્રતાપનગર, વડોદરા.એ વંચાણ ૨ના નોટીફીકેશનથી જાહેર કરાયેલ અશાંત વિસ્તારમાં સમાવિષ્ટ થયેલ તેઓની નીચે જણાવેલ સ્થાવર મિલકત તબદીલ કરવા માટે અશાંત વિસ્તાર ધારાની કલમ–૫(૧)નીચે અત્રેની મંજુરી માંગેલ છે. સ્થાવર મિલકત વેચાણ કરનાર અને વેચાણ રાખનાર બંને પક્ષે મુકત સંમતિથી કોઈપણ જાતની ધાકધમકી સિવાય પ્રવર્તમાન બજાર કિંમતે વેચાણ દસ્તાવેજ કરવા અંગેની હકીકત અલગ અલગ સોગંદનામાથી રજુ કરેલ છે.તેમજ અરજદાર તરફથી અરજી સાથે રજુ કરવામાં આવેલ આધાર પુરાવા ધ્યાનમાં લેવામાં આવેલ છે.

સબબ આમુખ (૩)થી મળેલ અધિકારોની રૂઈએ અરજદારશ્રીને અશાંત વિસ્તાર મિલકત તબદીલી અધિનિયમ જોગવાઈઓના હેતુ પુરતી જ સદરહુ મિલકત વેચાણ લેનાર **ક્રિશા ડેવલોપર્સએ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો મલેટે નારાયણભાઈ લક્ષ્મણરાવ તથા રાજુ બસ્તીમલ જૈન રહે. એ/૧, સૌરભવાટીકા, રામવાટીકા પાછળ, વાઘોડીયા રોડ, વડોદરા.**ને તબદીલ કરવાની નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

// સ્થાવર મિલકતનું વર્ણન //

| અ. નં. | વિસ્તારનું નામ | સ્થાવર મિલકતનું વર્ણન / સરનામું | વોર્ડ નં. / સીટી સર્વે નં. | મ્યુ. સે.સ.નં. | કુલ ક્ષેત્રફળ |
|---|---|---|---|---|---|
| ૧ | કસ્બા | વાડી વિભાગમાં પોમલી ફળીયામાં આવેલ મિલકત | વિ–એ, ટીકા નં.૯/૧, સી.સ.નં.૪૮ | – | ૨૪૩ ચો.મી. |

શરતોઃ—

૧. આ પરવાનગી માત્ર અશાંત વિસ્તારમાં સ્થાવર મિલકતની તબદીલ કરવાના અધિનિયમ ૧૯૯૧ હેઠળ માત્ર સબ રજીસ્ટ્રાર સમક્ષ દસ્તાવેજ નોંધાવવા પુરતી આપવામાં આવે છે. જેથી અન્ય કાયદા અન્વયે લેવા પાત્ર થતી પરવાનગી લેવાની રહેશે.
૨. સદરહું મિલકત અંગે ભાડુઆતોના હકકો અંગેની હકીકત છુપાયેલી હશે, તો મંજુરી આપોઆપ રદ ગણાશે.
૩. મિલકત તબદીલી અંગે અન્ય કાયદાઓ / નિયમો હેઠળ લેવાની થતી પરવાનગી ઈલાયદા લેવાની રહેશે.
૪. પ્રવર્તમાન જંત્રી મુજબ સ્ટેમ્પ ડયુટી ભરવાની રહેશે.
૫. જમીન મહેસુલ કાયદાની કલમ—૭૩(એએ)ના કિસ્સામાં સબ રજીસ્ટ્રારશ્રીએ મે.કલેકટરશ્રી, વડોદરાની અલગથી પરમીશન મેળવ્યા બાદ દસ્તાવેજ કરવાનો રહેશે.
૬. કુલમુખત્યારપત્ર ધરાવતી પરવાનગીના કિસ્સામાં કુલમુખત્યારપત્રની ખરાઈ કરવાની જવાબદારી જે તે સબરજીસ્ટ્રારશ્રીની દસ્તાવેજ નોંધણી વખતે કરવાની રહેશે, અને ત્યારબાદ જ દસ્તાવેજ નોંધણી કરવાની રહેશે.
૭. તબદીલ કરવાની મિલકતના મુળ મંજુર થયેલ નકશામાં જણાવેલ ક્ષેત્રફળ કરતાં વિભાજન થયેલ મિલકતના પેટા પ્લોટ અંગે રીવાઈઝ નકશા / રજાચિઠ્ઠીની સક્ષમ અધિકારીશ્રી પાસેથી મંજુરી મેળવેલ છે કે કેમ? તે અંગેના આધાર પુરાવા મેળવ્યા બાદ સબરજીસ્ટ્રારશ્રીએ દસ્તાવેજ નોંધણીની તથા સીટી સર્વે વિભાગે નોંધ પ્રમાણિત કરવાની કાર્યવાહી કરવાની રહેશે.
૮. આ પરવાનગી મળ્યા તારીખથી ૩ માસમાં વેચાણ વ્યવહારનો દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રી સમક્ષ નોંધાવવાનો રહે છે.

નાયબ કલેકટર વડોદરા શહેર

(નાયબ કલેકટર વડોદરા શહેર)

પ્રતિ,
(૧) સત્યપ્રકાશ મનહરલાલ પંચાલ વિગેરે
રહે. ગીતા મંદિર, રૂમ નં.૧૫, પ્રતાપનગર, વડોદરા.
(૨) ક્રિશા ડેવલોપર્સએ નામની ભાગીદારી પેઢીના ભાગીદારો વતી નારાયણભાઈ લક્ષ્મણરાવ તથા રાજુ બસ્તીમલ જૈન
રહે. એ/૧, સૌરભવાટીકા, રામવાટીકા પાછળ, વાઘોડીયા રોડ, વડોદરા.

નકલ રવાનાઃ—
(૧) સબ રજીસ્ટ્રારશ્રી નં....., હેડ કવાટર્સ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરી, કુબેર ભવન, ૬ઠ્ઠો માળ, વડોદરા તરફ જાણમાં લઈ જરૂરી કાર્યવાહી થવા સારૂ.
(૨) મામલતદારશ્રી વડોદરા શહેર (પુર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ) તરફ સદરહુવાળા પત્ર અવયે જાણ સારૂ.

BRA-1 / 22
No 5820-
2018